समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઇન


સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૪ ડિસેમ્બર : ૨૦૦૯ અંક : ૬



: પરામર્શનસમિતિ :

| નારાયણ દેસાઈ | ભોળાભાઈ પટેલ | ભારતી ર. દવે |
| --- | --- | --- |
| પ્રમુખ | વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય | પ્રકાશનમંત્રી |

: તંત્રી :

યોગેશ જોષી

: સહતંત્રી :

પ્રફુલ્લ રાવળ



**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ ▯ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
E-mail : gspamd@vsnl.net
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com




## અ નુ ક્ર મ


| | |
| --- | --- |
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | નારાયણ દેસાઈ |
| **કવિતા** | લીધો રસ્તો ● રામચન્દ્ર પટેલ, જીવ સાથ ● રામચન્દ્ર પટેલ, અમે મોં ફેરવી લીધું ● નીતિન વડગામા, એક સાચો શેર... ● ધૂની માંડલિયા |
| **અંજલિ** | કવિ, ચિત્રકાર ને ફોટોગ્રાફર પ્રદ્યુમ્ન તન્નાનું નિધન ● પ્રફુલ્લ રાવળ |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | ઇતિહાસને સમજવાનો ઉપક્રમ ● ડૉ. રાજેશ મકવાણા |
| **પરિષદવૃત્ત** | સંકલન : અનિલા દલાલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : પ્રફુલ્લ રાવળ |
| **વાર્ષિક સૂચિ** | ઊર્મિલા ઠાકર |
| **આવરણચિત્ર** | જગદીપ સ્માર્ત |

# પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯



Parab Online
December 2009
Page: 2

# પરિષદ-પ્રમુખનો પત્ર

આ પત્ર તમને નવસારી અધિવેશન પહેલાં મળશે. તમારામાંથી ઘણાંને ત્યાં રૂબરૂ મળવાનું થશે. વરાયલા પ્રમુખને જવાબદારી સોંપતાં પહેલાં નિવૃત્ત થતા પ્રમુખને બોલવા સારુ સાત મિનિટ ફાળવાઈ છે. એ સાત મિનિટોનો જ અહીં થોડો વિસ્તાર કરી લઉં. હજુ કદાચ આના પછી તમારે ભાગે મારે હાથે લખાયેલો એક પ્રમુખનો પત્ર આવશે. એટલો સાંખી લેવા વિનંતી !

નિવૃત્ત થતા પ્રમુખ સારુ ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપણું નવી જાતનો અનુભવ હતો. પ્રમુખ તરીકે નિવૃત્ત થતાં પહેલાં 'બોલ્યુંચાલ્યું માફ' અને 'આવજો' કહેવાને નિમિત્તે 'પરબ'ના વાચકો સાથે થોડું મૂલ્યાંકન કરી લેવાની આ પત્ર દ્વારા તક લઉં છું.

નવા પ્રમુખને જવાબદારી સોંપીશ તેને આગલે દિવસે મને ૮૫ વર્ષ પૂરાં થશે. સાવ ટૂંકી ન ગણાય એવી આ જિંદગીમાં મને મળેલી બે મોટી મૂડી છે. એક સત્સંગ અને બીજી મૈત્રી. પરિષદપ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારી તે બે વર્ષ દરમિયાન બંનેનો વધારો થયો. રવીન્દ્રનાથનું એક પ્રસિદ્ધ ગીત છે – 'કતો અજાનારે જાનાઈલે તુમિ કતો ઘરે દિલે ઠાઈ, દૂર કે કરિલે નિકટ બંધુ પર કે કરિલે ભાઈ.' (કૈંક અજાણ્યાની ઓળખ દીધી ને વાસ દીધો કેટલાં ઘર માંહી. દૂરના સાથે ગોઠ કરાવી ને પારકાંને તેં કીધા ભાઈ.) મારે સારુ સાહિત્યકારોના ક્ષેત્રમાં અકસ્માત અને અનાયાસ પ્રવેશનું સૌથી સારું પરિણામ એ અજાણ્યા સાહિત્યકારો સાથે ઓળખાણ અને તેમાંના કેટલાક જોડે મૈત્રી. જ્યાં સુધી કોઈની સંગતિ કુસંગતિ પુરવાર ન થાય ત્યાં સુધી એને સત્સંગતિ માનવાનો પ્રયાસ એ જ સત્સંગ મેળવવાનો ધોરી માર્ગ છે. આ બે વરસ દરમિયાન કોઈની સંગતિ કુસંગતિ પુરવાર નથી થઈ, એટલે મને તો ઘણીબધી સત્સંગતિ જ લાધી છે, એમ જોઈ શકું છું. કોઈના કાજી બનવાથી બીજાને તો લાભ-હાનિ જે થવાના હશે તે થશે, પણ કાજી બનનારને તો એનાથી નુકસાન જ થાય છે, એમ અનુભવી એ પ્રક્રિયાથી દૂર રહેવા યથાશક્તિ પ્રયાસ કરું છું. સત્સંગ શોધવા 'મોટા' લોકોને ખોળવા જવાની જરૂર નથી હોતી. દરેકમાં રહેલા સદંશને ખોળતાં શીખી શકીએ એટલો આપણને સત્સંગતિ-લાભ થાય છે. આ બે વર્ષના ગાળામાં મોટો લાભ તો મૈત્રીનો થયો. જેમનાં માત્ર નામ જ જાણ્યાં હતાં. અથવા તો નામ પણ નહોતાં જાણ્યાં અને એમાં વાંક એમની પ્રસિદ્ધિના અભાવનો નહીં, પણ મારી માહિતીના અભાવનો જ હતો, તેવા ઘણા સાહિત્યકારોનો પરિચય થયો. અને કેટલાક સાથે એ પરિચય ઊંડો ઊતરીને મૈત્રીની કક્ષા સુધી પહોંચ્યો.

વર્તમાન ગુજરાતી સાહિત્ય વાંચવાની તક પણ આ કાળમાં સ્વાભાવિક રીતે જ વધુ મળી. પહેલાં કોઈ વાર ગુજરાતી સાહિત્ય એકસામટું આટલું વાંચ્યું હોય એવું યાદ નથી. જાણે કે એક નવી બારી જ ઊઘડી ગઈ. મારે કબૂલ કરવું જોઈએ કે બધું વાંચીને હું મુગ્ધ થયો નથી. મને લાગે છે કે આપણે મોટાભાગનું સાહિત્ય હજુ મધ્યમવિત્ત લોકોના આર્થિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક પ્રશ્નોમાં જ પુરાયેલું છે. તથા ભૌગોલિક રીતે આપણી દુનિયા મુખ્યત્વે ભારત, અમેરિકા અને પશ્ચિમી યુરોપ સુધી સીમિત છે. વિશ્વ આખાના પ્રશ્નો અંગ્રેજી

સાહિત્ય મારફત આપણી પાસે આવે એટલા આવે છે, પણ તેમાંથીયે ઘણું આપણા સામયિકો સુધી જ મર્યાદિત રહે છે. ટૂંકમાં આપણી નિસ્બત સીમિત છે. અને તેને પરિણામે આપણા સાહિત્યની વિષયવસ્તુનું ક્ષેત્ર પણ સીમિત રહે છે. અને આ મર્યાદાની બીજી બાજુ એ પણ છે કે ઘરઆંગણે પણ આપણું ક્ષેત્ર સમાજના ઘણા મોટા ક્ષેત્રથી લગભગ પૂરેપૂરું અસ્પૃષ્ટ રહે છે. દલિત-વંચિત, લઘુમતી- આદિવાસી સાહિત્ય રામાયણની ઊર્મિલા કરતાં ઓછું ઉપેક્ષિત નથી. ઘણાં ઘણાં ક્ષેત્રો આપણા સાહિત્યકારોની વાટ જોતાં બેઠાં છે. આ વર્ષોમાં સંસ્થાનો પણ પરિચય થયો. ઊંડી ઓળખ થઈ એમ કહી ન શકું. વાંક એમાં મારો જ છે. પરિષદની એ ઉદારતા જ કહેવાય કે આ કામ મારું મુખ્ય કામ નહોતું એની જાણ હોવા છતાં એણે મને બબ્બે વરસ સુધી સાંખી લીધો. જે કાંઈ આછોપાતળો પરિચય થયો એમાં લાગ્યું કે પરિપાટી અને પ્રગતિ વચ્ચે સુભગ સુમેળ સધાય એને સારુ લાગતાવળગતાઓએ સતત પ્રયત્ન ચાલુ જ રાખવો પડશે. સંસ્થા પરનો મોટો આર્થિક બોજો હળવો થઈ ગયો છે એ સંતોષનો વિષય છે. આ અંગે સહાય કરનાર નાના મોટા સૌ કોઈના આપણે સૌ આભારી છીએ. પરબ ખોટમાં ચાલે છે. એનાં બે મોટાં કારણો છે. આપણા આજીવન સભ્યોને તે નિઃશુલ્ક આપવા બંધાયલા છીએ. આ બાબતમાં ઘણા સજ્જનોએ દાન આપીને મદદ કરી છે. પણ અમુક સમયગાળા પછી આજીવન સભ્યો પણ લવાજમ આપતા થાય એવી ચળવળ ગ્રાહકો તરફથી જ ઊભી થવી જોઈએ. બીજું મોટું કારણ એ છે કે હવે પરદેશની ટપાલ દરિયાઈ સફરના દરે જઈ શકતી નથી. તેથી આપણે હવાઈ સફરનું ખર્ચ કરીને પરબના વિદેશના ગ્રાહકોને તે મોકલવી પડે છે. જેમને નિઃશુલ્ક નકલો જતી હોય તેમણે પણ સ્વેચ્છાથી ટપાલ રવાનગીમાં થતા આ વધારાના ખર્ચની રકમ મોકલાવી દેવી એ એનો ઉત્તમ ઉપાય છે. વિદેશ વસતા ગુજરાતી ગ્રાહકો આ અંગે જરૂર પોતાનાથી બનતું બધું કરશે એવી આશા રાખું ને ?

આ વર્ષો દરમિયાન યોજાયેલી સાહિત્યયાત્રાઓ પરિષદને તે અમદાવાદ-કેન્દ્રી છે એ માહોલમાંથી મુક્ત કરાવવામાં ઘણેભાગે સફળ થઈ છે. સાહિત્યયાત્રાઓ એકમાર્ગી રસ્તે નથી ચાલી. જ્યાં જ્યાં એ પહોંચી છે ત્યાં ત્યાં તો એણે નવો ઉમંગ આપ્યો જ છે, પણ એ નિમિત્તે પ્રદેશમાં જુદી જુદી જગાએ ફરનારાઓ પણ તેનાથી ઓછું લાભ્યા નથી. સાહિત્યયાત્રાઓનું વિગતવાર મૂલ્યાંકન થાય, એ પ્રવૃત્તિ આગળ વધારવા આયોજન થાય અને પરિષદ એને પોતાની એક નિયમિત પણ નિત્ય નવાં સ્વરૂપો ધરતી પ્રવૃત્તિ બનાવે એવી મારી શુભેચ્છા.

સમાજનાં વિવિધ અંગોના જીવનનું નિરૂપણ કરનાર સાહિત્યકારોની થોડી ગોષ્ઠીઓ ગોઠવી શક્યા એ સારું થયું. હજુ એવાં મિલનો ઘણાં વધારે ગોઠવાવાં જોઈએ. આ વખતે નવસારી અધિવેશન વખતે પારસી સાહિત્ય અંગે એક ખાસ સત્ર ગોઠવાય છે એ આનંદની વાત છે. આદિવાસી સાહિત્યકારો સાથેની બેએક બેઠકો આ બાબત ખૂબ વધાવી લેવા જેવી થઈ. ગુજરાતના ગ્રામ ક્ષેત્રોમાં અનેક પ્રકારના વૈવિધ્યવાળું મોટેભાગે મૌખિક એવું સાહિત્ય ઠીક ઠીક પ્રમાણમાં મળે છે. પ્રજા પાસે જઈ, એની સાથે જીવી, એના સાહિત્યને માણી, એને એકત્રિત કરીને સૌ ગુજરાતીઓ પાસે એને પહોંચાડવું એ પરિષદનું એક વિશિષ્ટ કામ થઈ શકે એમ છે.

આપણા જ્ઞાનસત્રોમાં આખા કાર્યક્રમના એક ભાગ તરીકે એક બેઠકનું આયોજન અને એનું અમલીકરણ સ્થાનિક યજમાનો પોતાના અનુભવ અને સૂઝ મુજબ કરે એવો નિર્ણય થયો. કામના જ્ઞાનસત્રમાં એનાં સારાં ફળ ચાખવા મળ્યાં. એનાથી સ્થાનિક કાર્યકરોનો ઉત્સાહ વધ્યો અને કેન્દ્રનો એટલો બોજ હળવો થયો. આગળ ઉપર ચાલુ રાખવા લાયક આ પ્રયોગ જરૂર ગણી શકાય.

ભારતની તમામ ભાષાઓમાંથી ઉત્તમ સાહિત્ય ગુજરાતીમાં સીધું ઊતરે તેને માટેના પ્રયાસો ચાલુ થયા છે. આ પ્રયાસને પ્રત્યક્ષ સંસ્થાકીય સ્વરૂપ મળતાં હજુ થોડો સમય લાગશે. પ્રમુખપદેથી નિવૃત્ત થયા બાદ પણ આ કામ પાછળ થોડો સમય આપવા મારો વિચાર છે. મરાઠીના એક ઉત્તમ પુસ્તકનો અનુવાદ હાલ પ્રેસમાં છે. નવસારી અધિવેશન પહેલાં તે 'સંસ્મરણોનો મધપૂડો', લેખક વા. ના. ચિતળે, અનુવાદિકા અરુણ જાડેજા, યજ્ઞ પ્રકાશન, વડોદરા) પ્રગટ થશે એવી આશા છે.

આગળ ઉપર કરવા જેવાં અનેક કામો છે. વરાયેલા પ્રમુખ અને ચૂંટાયેલી કાર્યસમિતિ પોતાની પ્રતિભા મુજબ અવનવી પ્રવૃત્તિઓ કરશે જ એવી ખાતરી છે. એમની વિચારણા સારુ કેટલીક વાતો સૂચવવાની રજા લઉં છું :

૧. સાહિત્યયાત્રાની પ્રવૃત્તિનો વધુ ઊંડો અને વ્યાપક પ્રસાર

૨. ભાષાન્તર પ્રવૃત્તિમાં સહાયક બની શકે એવા લોકોનો સંપર્ક મને કરાવવો.

૩. વિવિધ જાતના કોશો તૈયાર કરાવવાની પ્રવૃત્તિ પરિષદ હાથ ધરે.

૪. સાહિત્યકારો સાથે યુવકો છૂટથી અવારનવાર મળી શકે તેવી અનેક જાતની શિબિરો ચલાવવી.

૫. અનુભવી સાહિત્યકારો નવોદિતોને સાહિત્યનાં વિવિધ સ્વરૂપો વિષે તાલીમ આપી શકે એવી તમામ પ્રવૃત્તિઓ કરવી.

૬. ભારતની અન્ય ભાષાઓના સાહિત્યકારો જોડે ગુજરાતીના સર્વ પ્રકારના અને સર્વ ઉમ્મરના સાહિત્યકારો મળી શકે એવા પ્રસંગો અવારનવાર યોજવા. વ્યાખ્યાનો ગોઠવી, સન્માન કરવાના પ્રસંગ કાઢી, એમના ગ્રંથોના ભાષાન્તરનું લોકાર્પણ કરવું વગેરે નિમિત્તો શોધી કઢાય. આપણા સાહિત્યકારો ખાસ કરીને ઊગતા સાહિત્યકારોના પ્રવાસો બીજા પ્રાન્તોમાં ગોઠવી ત્યાંના સાહિત્યલેખકો સાથે મળવાનું ગોઠવી શકાય.

૭. ગુજરાતી સાહિત્યકારો આજે મળે છે એના કરતાં વધારે મળે, મોટા સાહિત્યકારો પોતપોતાના કિલ્લામાં ન રહે, પોતાના અનુભવોની લહાણી કરે. બીજાના સાહિત્યની યોગ્ય કદર કરે અને નવા સાહિત્યકારોને અનુપ્રાણિત કરે. આપણા સાહિત્યના વિકાસમાં કદાચ સૌથી વધુ ઉપકારક નીવડે એવું કોઈ તત્ત્વ હોય તો તે પરસ્પરની સંવાદિતાનું છે. એને માટે કોઈ બાહ્ય કાર્યક્રમો ગોઠવી ન શકાય એ બરાબર સમજું છું. પરંતુ સહવાસ અને પ્રવાસ એકબીજાને નજીક લાવવામાં ઘણી વાર ખૂબ ઉપયોગી નીવડે છે. કોઈક સૌન્દર્યધામના, કોઈ સરસ્વતીધામના, કોઈ ગ્રામજીવન નિરીક્ષણના, કોઈ સમાજના કોયડા અંગે તપાસ અંગેના પ્રવાસો ન ગોઠવી શકાય ? કોઈ કોઈ વાર પરિષદ કે ગોષ્ઠી કરતાં સાથે મળીને ગાયેલાં ગીતો કે માણેલા રાસ-ગરબા વધુ એકાત્મતા સાધનાર નીવડે છે !

**નારાયણ દેસાઈ**

# કવિતા

## લીધો રસ્તો | રામચન્દ્ર પટેલ

રહી મોડે મોડે ઘર ભીતરથી બ્હાર નીકળ્યો
જરા થોભી દ્વારે, પછી ફળિયું, શેરી, ગલીગલી
વટાવી, ત્યાં ખીલા શિર ઉપર ઠોક્યા મનુજએ-
નર્યાં લોહીવાળા મુખ થકી ગયો આગળ... ધર્યો
પિયાલો કોઈએ બસ ઘટઘટાવ્યા ઘૂંટ વિષના.
થયો ઊભો : વાગી હૃદય પર ગોળી ત્રણત્રણ...

છતાં ચાલુ–મ્હાલું ધરતી પર... માથું ગગનમાં
જડાયું, ખીલા તારક ઝગમગે... રક્ત મુખ તો
અરણ્યોની સૃષ્ટિ ફૂલફૂલ મહેંકે... વખટીપાં
નદી પીને વ્હેતી જતી... ચરણ તો ભોંય તળિયે
ઊગ્યાં વૃક્ષો : કર પણ બન્યા બે, દિશદિશા.
અને છાતી વચ્ચે પૃથિવી રચતી શબ્દમહિમા.

નથી મૂકી દીધી હજીય જનતાએ પજવણી,
છતાં લીધો રસ્તો વરસભર માણે ઉજવણી.

## જીવ સાથ | રામચન્દ્ર પટેલ

હું રોજ ઘેરથી જતો ફરવા પરોઢે :

ને એકદા સડકમાર્ગ પરે છવાયલું
અંધારું આછું... હળવી સરતી હતી હવા
આવે સુગંધ વગડાઉં પ્રદેશ ખૂલે.
બે બાજુ ઘાસ પથરાયું, વળી રહીરહી
કાઢે ક્યહીંક 'હુક' શા સ્વર ભારદ્વાજ,
ને ઝાડઝાંખર બધાં ચૂપચાપ ઊભાં.
– હું ચાલતો બસ ભરું ડગ એકધારો...

ત્યાં દૃષ્ટિએ પડી ગઈ કપિનાર બેઠી,
છાતી સ્થલે લલિ બચોળિયું થાન ચાંપ્યું,
ખોરાક દૂધ ખવડાવતી શાન્ત ચિત્તે.
મૂકી શકું કર શિરે, નીકળ્યો નજીક હું :

શું મગ્ન પ્રકૃતિ રહે જીવ સાથ દાસી ?
આ રીત સાધ્ય થઈ તો મળી જાય કાશી.





## અમે મોં ફેરવી લીધું | નીતિન વડગામા

બધી મસ્તી મજાઓથી અમે મોં ફેરવી લીધું,
જર્જરિત એ જગાઓથી અમે મોં ફેરવી લીધું.

વરસવાનું વચન આપી હમેશાં છેતરે છે એ,
ગરજતાં વાદળાંઓથી અમે મોં ફેરવી લીધું.

સદા બસ આભમાં ઊડ્યા કરે છે એ જ કારણથી,
પરીની વારતાઓથી અમે મોં ફેરવી લીધું.

ઠરીને ઠામ એ થાતાં નથી ક્યારેયને ક્યાંયે,
ખરેલાં પાંદડાંઓથી અમે મોં ફેરવી લીધું.

અભિનય સાવ સઘળો આજ એનો પાંગળો લાગ્યો,
ઉપરછલ્લી અદાઓથી અમે મોં ફેરવી લીધું.

પછી થાકી ગયા અંતે બધો ચળકાટ આંજીને,
સળગતી એ સભાઓથી અમે મોં ફેરવી લીધું.

જરા બાંધી શકે તો એક કાચો તાંતણો કેવળ,
અહીં તો ભલભલાઓથી અમે મોં ફેરવી લીધું.

## એક સાચો શે'ર.... | ધૂની માંડલિયા

સમયનો જેવો મુડ, ચિક્કારે મળે
શક્ય ના હો એ જ પલકારે મળે.

છાંયડે બેસી લખાતી ના ગઝલ
આગ વચ્ચે કૂદકો મારે મળે.

તટ ઉપર તો માત્ર કોલાહલ હશે;
હા, સમંદર મૌન, મઝધારે મળે.

શબ્દ દીવો થઈ ઝળૂંબે ભીતરે
તો જ સૂરજ પણ અંધારે મળે.

ઘર જલાવી તાપણું કીધું અમે,
ટેરવાની છાપ અંગારે મળે.

પ્રેમ પણ કેવો થયો સાવ વ્યવહારુ,
તે હવે, વારે-તહેવારે મળે.

ચોપડીમાં નહિ મળે મારી કથા,
જો મળે તો કોઈ હોંકારો મળે.

શ્વાસમાં ઊભી પડે તિરાડ તો
એક સાચો શેર બસ ત્યારે મળે.



# અંજલિ  કવિ, ચિત્રકાર ને ફોટોગ્રાફર પ્રદ્યુમ્ન તન્નાનું નિધન

**પ્રફુલ્લ રાવલ**



ચિત્રકાર, ફોટોગ્રાફર ને કવિ પ્રદ્યુમ્ન તન્નાનું એંશી વર્ષે અવસાન થયું – કોમા, ઇટાલીમાં. મૂળ એમના પૂર્વજો ગોહિલવાડના. ભાવનગર નજીકનું અકવાડા એમનું વતન, પરંતુ વર્ષો પૂર્વે – પ્રદ્યુમ્નભાઈના જન્મ પૂર્વે એમના પૂર્વજો ઉપાર્જનાર્થે દહાણુ ગયેલા. દહાણુ મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદ પરનું ગામ. ત્યાં જ પ્રદ્યુમ્ન તન્નાનો જન્મ થયેલો. ગોત્રે ઘોઘારી લોહાણા. એમના પિતા-પિતામહ ત્યાં કમાયેલા. કુટુંબ પરમ વૈષ્ણવ. પુષ્ટિમાર્ગી. 'પણ અડ-આભડના એકેય ઠાલા મલાજા વિનાના.' ઘરમાં લાલજી ને શ્રીનાથજીની પ્રતિષ્ઠા કરેલી. સવારમાં પરભાતિયાં ગવાતાં. એના સંસ્કાર શિશુ-કિશોર પ્રદ્યુમ્ન પર બરાબર પડ્યા હતા. પ્રદ્યુમ્ન તન્નાનો જન્મ ૭ જુલાઈ, ૧૯૨૯ના રોજ દહાણુ ખાતે થયેલો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ત્યાં જ લેવાનું બન્યું. પછી મુંબઈની જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં ગ્રાફિક ડિઝાઇનની ડિગ્રી મેળવીને ટેક્સટાઇલ ડિઝાઇનર તરીકે વ્યવસાયિક પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. મુંબઈમાં રહ્યા પણ પછી ૧૯૬૨માં ઇટાલી જવાનું થયું. ત્યાં ઇટાલિયન રોઝાલ્બા સાથે લગ્ન કર્યું. એ પણ ડિઝાઇનર. ઉભયે સાથે કામ કર્યું. થોડોક વખત મુંબઈ – ઘાટકોપરની મિલ જ્યુ ફેબ્સમાં ડિઝાઇનર તરીકે કામ કર્યું. ત્યારે મુંબઈમાં મોટું મિત્રવર્તુળ. મકરન્દ દવે – કુન્દનિકાબહેનનો પરિચય ત્યારે જ થયેલો. રાજેન્દ્ર શાહના પ્રેસ પર કવિમિત્રો મળતાં. પ્રદ્યુમ્ન તન્ના એમાં હાજર હોય. 'કવિલોક'ના પ્રારંભે મુખપૃષ્ઠ પર એમનાં ચિત્રો છપાતાં હતાં. કાવ્યસર્જન અને ચિત્રસર્જન સંદર્ભે રવિશંકર રાવળ – બચુભાઈ રાવતનો સંપર્ક થયો હતો. 'કુમાર'માં એમનાં ચિત્રો – કાવ્યો છપાતાં હતાં.

પ્રદ્યુમ્ન તન્નાનો માતા-પિતા સાથે લગાવ ખૂબ રહ્યો. ૧૯૭૬માં એમના પિતાનું અવસાન થયેલું ત્યારે છેલ્લી ઘડીએ ન મળ્યાનો અફસોસ એમના હૈયે દીર્ઘકાળ રહ્યો હતો. એ જ રીતે ૧૯૯૫ના જાન્યુઆરીમાં માતાનું અવસાન થયું ત્યારે પણ પ્રદ્યુમ્ન તન્નાની ઉપસ્થિતિ નહોતી. 'જીવનની અનેકવિધ કડવાશ આડેય અદ્‌ભુત સ્વસ્થતા અને મીઠાશ ધારીને' જીવેલાં માતાએ પ્રદ્યુમ્નને શીખ આપી'તી – 'પંડ સંગ મળ્યા સહજના ફ્હેણને ઓળખજો ને એ થકી નિજને, નિજી કર્તવ્યને અને સકળ સંસારના કર્તાહર્તા શ્રીકૃષ્ણને. ચાલુ વાદ-વલણો કે આવતાં-જતાં વીતકોનાં ઠાલાં રોદણાંથી પર, નિજી વાટે વધતાં રહેશો.' આ શીખ એમણે બરાબર અંકે કરી હતી. પુષ્ટિમાર્ગના સંસ્કારો તળે એમણે 'સહજના ફ્હેણ'ને ઓળખ્યું હતું અને એમની કવિતામાં એનો પાસ અનુભવાય છે. લખવાનું – કવિતા લખવાનું તો ઘણું વહેલું થયેલું પણ કાવ્યસંગ્રહ 'છોળ' તો છેક ૨૦૦૦માં પ્રસિદ્ધ થયો. એમાં ૧૧૧ કાવ્યોનો સમાવેશ થયો છે. આ કાવ્યોને ચાર ભાગમાં વહેંચ્યાં છે. 'ઋતુરમણા' વિભાગમાં ૬૪ રચનાઓ છે તેમાં ઋતુ ને તદ્‌સંદર્ભે પ્રણયના ભાવને પ્રદ્યુમ્ન તન્નાએ વર્ણવ્યો છે. 'વ્રજ' વિભાગમાં ૩૦ રચનાઓ છે તેમાં કૃષ્ણવિષયક ગીતો છે. 'ગુંજ' વિભાગમાં ૧૧ રચનાઓ અને 'ઇતર' વિભાગમાં ૬ રચનાઓ છે.

'છોળ'માં પહેલું ગીત 'છોળ' છે. કવિને 'અડકી ગઈ' છે 'નેણ અચિંતી રંગની છાકમછોળ' અને એ છાકમછોળથી એ પ્રફુલ્લિત બની રહે છે. 'ચેતવણી' નામક ગીતમાં આ કવિએ ફાગણના વંટોળને આમ વર્ણવ્યો છે :

**'દસ દસ ભીડ્યા હાથ તણા કંઈ**
**ઘેર ઘૂમંતા ગોળ,**
**ઊભી બજારે ફરતાં જાણે**
**ફાગણનાં વંટોળ' (પૃ. ૪૨)**

પ્રિયતમાને ઉદ્દેશીને કવિ કહે છે :

**'દ્દા'ડો તો લાગે મુંને જેટલો અકારો સઈ !**
**એટલી ગમે આ રૂડી વૈશાખી રેણ**
**હાં હાં રે સઈ, કાંઈ રૂડી, કાંઈ રૂડી વૈશાખી રેણ !'** (પૃ. ૪૬)

'ઋતુરમણા' વિભાગના ચોસઠ ગીતોમાં ઋતુ સાથે પ્રણયભાવ પણ ગાયો છે. પ્રદ્યુમ્ન તન્નાએ 'પ્રકૃતિ ધરાઈને જોઈ છે' એની પ્રતીતિ આ કાવ્યોમાં મળે છે. 'વ્રજ'માંની રચનાઓમાં કૃષ્ણ કેન્દ્રસ્થાને છે. 'ગુંજ'માં એમની આંતરગુંજ સંભળાય છે. છેલ્લે અછાંદસ કાવ્યો છે. આ સંગ્રહ પછી પણ ક્યારેક એમણે કવિતા લખી છે.

પ્રદ્યુમ્ન તન્નાનો કસબ રેખાચિત્રો ને ફોટોગ્રાફીમાં પમાય છે. એમનાં ચિત્રોની વિશિષ્ટ શૈલી તરત જ ધ્યાન ખેંચે છે. એમની રેખાઓનું આલેખન અને daylightની ફોટોગ્રાફી એમની ભીતર બેઠેલા કલાકારને છતો કરે છે. રાજસ્થાનમાં કરેલા પ્રવાસ દરમિયાન એમણે જે ચિત્રો કર્યાં તેમાં રાજસ્થાની સંસ્કૃતિનું દર્શન થાય છે. પ્રવાસના – રખડપટ્ટીના આશિક પ્રદ્યુમ્ન તન્નાનું ૩૦ ઑગસ્ટે ૨૦૦૯ના રોજ અવસાન થયું. આ કવિની ભાવના કેવી હતી :

**'ના સુકાય નેણમાં ક્યારેય કુતૂહલનાં ઝરણ**
**(ને) શ્વાસ છેલ્લાં હોય ત્યાં લગ ચાલતાં રહે આ ચરણ.'**

આ કળાકાર-કવિને શ્રદ્ધાંજલિ આપીને સ્મરીએ.

---

## ભૂલસુધાર

'પરબ' નવેમ્બર, ૨૦૦૯ના અંકમાં પારુલ કંદર્પ દેસાઈની વાર્તા 'મમ્મી'માં પૃ. ૩૩ પર નીચેથી પાંચમી લીટીમાં 'અભિમાન' છપાયું છે ત્યાં 'અભિયાન' અને પૃ. ૩૪ ઉપર છેલ્લી લીટીમાં '...પથરો બની હોત' પછી '??' પ્રશ્નાર્થચિહ્નો જોઈએ.

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## ઇતિહાસને સમજવાનો ઉપક્રમ | ડૉ. રાજેશ મકવાણા

[**‘ઇતિહાસ, સમાજ અને સાહિત્યમાં ગુજરાત’** : મકરન્દ મહેતા, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૮, પૃ. ૮+૧૭૬, કિં. રૂ. ૯૦/-]

મકરન્દ મહેતાકૃત ‘ઇતિહાસ, સમાજ અને સાહિત્યમાં ગુજરાત’ એ ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીનું બત્રીસમું પુસ્તક છે. મકરન્દ મહેતા ઇતિહાસના તજ્જ્ઞ વિદ્વાન હોઈ પ્રસ્તુત ગ્રંથ એનું પરિણામ છે. સાહિત્ય અને સામાજિક શાસ્ત્રોનો અભ્યાસ ઇતિહાસકાર માટે અનિવાર્ય બની રહે છે. એના ઐતિહાસિક સંદર્ભ વગર આપણે સાંપ્રત અને ભવિષ્યને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જાણી શકતા નથી. લેખક આ ગ્રંથના મુખ્ય હેતુ વિશે નિવેદનમાં નોંધે છે કે, ‘મારો મુખ્ય હેતુ સમાજપરિવર્તનની દૃષ્ટિએ કામ કરતા બૌદ્ધિકો અને કર્મશીલો, અને ખાસ કરીને યુવા પેઢીના વાચકો સમક્ષ એવી વાતો રજૂ કરવાનો છે જે બહુત્વવાદી અને સમતાવાદી ‘કોમ્પોઝિટ કલ્ચર’ને સમજવામાં અને વિકસાવવામાં ઉપયોગી થઈ પડે.’

પ્રસ્તુત ગ્રંથમાં સમાવાયેલા દસ લેખો દ્વારા લેખક ઇતિહાસ, સમાજ અને સાહિત્ય વચ્ચે પ્રવર્તતા આંતરસંબંધોને ખોલી આપે છે. પ્રથમ લેખમાં ગુજરાતના ઇતિહાસની પલટાતી જતી દિશાઓ પ્રત્યે નિર્દેશ કર્યો છે. વેપાર ક્ષેત્રે ગુજરાતીઓની સાહસિકતા કેવી ગૌરવપ્રદ રહી છે એ વિશે, સમાજસુધારાના આંદોલનમાં અને રાષ્ટ્રીય આઝાદીની ચળવળમાં તેમજ શિક્ષણ અને કેળવણી ક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા વિશે, સામાજિક પિરામિડની છેક નીચે રહેલા કચડાયેલા વર્ગ વિશે, ગુજરાતમાં પાંગરેલી સૂફી અને સંતપરંપરા વિશે અને જનસમુદાયના સ્થળાંતર – ગુજરાતી ડાયસ્પોરા વિશે વિગતે ચર્ચા કરતાં નોંધે છે કે સાહિત્ય, સામાજિક શાસ્ત્રો અને ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં સંશોધનનાં આ વિવિધ ક્ષેત્રો સંશોધકોની રાહ જોઈ રહ્યાં છે. પદ્મનાભકૃત ‘કાન્હડદે પ્રબંધ’ની રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભમાં ચર્ચા કરતાં તેઓ નોંધે છે કે ‘કાન્હડદે પ્રબંધ’ એ આપણી સાંપ્રત જ્ઞાતિ- આધારિત સમસ્યાઓને સમજવા માટે ઉપકારક બની રહે એવાં બોધપાઠ અને ચેતવણીથી ભરપૂર છે.

મુઘલ સમયના અમદાવાદના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર નગરશેઠ વેપારી દાનેશ્વરી અને સંસ્કારપુરુષ શેઠ શાંતિદાસ ઝવેરીનું અનોખું વસિયતનામું આપ્યું છે. આ લેખનો ઉદ્દેશ ફારસી દસ્તાવેજને આધારે મધ્યકાલીન અમદાવાદને સમજવાનો છે. લેખક અહીં શાંતિદાસ ઝવેરી અને તેમના કુટુંબીજનો ઉપર જ નહિ પરંતુ તે સમયની નગરીય સંસ્થાઓ, જીવનશૈલી, પોળ, પડોશ, વ્યાપારી તથા ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ મહિલાઓના વારસાઈ અધિકારો ઉપર નવો પ્રકાશ પાથરે છે.



‘મધ્યકાલીન સાહિત્ય, સમાજ અને ઇતિહાસ’ લેખમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કેટલીક ખૂટતી કડીઓ તરફ નિર્દેશ કરીને આ સમયના કેટલાક સર્જકોની કૃતિઓને ઐતિહાસિક અભિગમ સાથે તપાસવામાં આવેલ છે. ત્યાર બાદ દલપતરામ અને ઍલેક્ઝાંડર ફૉર્બ્સ વચ્ચેની વિરલ મૈત્રી, દેશ, જાતિ ધર્મ કે સંપ્રદાયથી પર હતી એના વિશે ચર્ચા કરી છે. અહીં દલપતરામ અને ફૉર્બ્સ (ફાર્બસ સાહેબ)ની મૈત્રીના સ્નેહભાવની કેટલીક મહત્ત્વની કડીઓ મળે છે. ‘કોમી એખલાસની ભાવનાની દૃષ્ટિએ ગાંધીયુગ પહેલાં ગુજરાતમાં વિકસેલો નાગરિક સમાજ’ લેખમાં સાંસ્થાનિક ગુજરાતમાં આરંભના સમયમાં સિવિલ સોસાયટીનો ઉદય અને વિકાસ કરવાના જે પ્રયાસો થયા હતા તેનું વિહંગાવલોકન કરવામાં આવ્યું છે. હિન્દુ-મુસ્લિમ એકતાની ભાવનાને પુષ્ટ કરતી નિઝામુદ્દીન અમીરુદ્દીન કુરેશીએ અનુવાદિત કરેલ ‘કૃષ્ણકથા’ને રજૂ કરી છે.

ભારતીય પરંપરાની શોધમાં ગોવર્ધનરામ ત્રિપાઠી અને સમાજસુધારાનો તેમનો અભિગમ – લેખમાં સમાજસુધારાના અભિગમો, ગોવર્ધનરામ અને શોપનહોર, ગોવર્ધનરામનો ઇતિહાસવિષયક અભિગમ વિશે ચર્ચા કરી છે. દીર્ઘદ્રષ્ટા હાજી મહમ્મદના પ્રયાસનું પરિણામ ‘વીસમી સદી’ સાહિત્ય, સમાજ અને ઇતિહાસનો ત્રિવેણી સંગમ હતું. આ લેખમાં હાજી મહમ્મદના વ્યક્તિત્વ અને સંદર્ભવર્તુળ વિશે તેમજ ‘વીસમી સદી’ની સામગ્રીવિષયક વિગતોની ચર્ચા કરી છે. પશ્ચિમનો સાંસ્કૃતિક પ્રભાવ અને સ્વામી વિવેકાનંદ વિશેના લેખમાં કેટલાક નવા ખ્યાલો અને સ્રોતોને આધારે વસ્તુનિષ્ઠ રીતે આ વિષયની ચર્ચા કરી છે.

આમ, આ ગ્રંથમાં ઇતિહાસ, સમાજ અને સાહિત્ય વચ્ચે પ્રવર્તમાન વિવિધ તાણાવાણાને સાંધવાનો પ્રયાસ થયો છે. મકરન્દ મહેતાએ અહીં નવા પ્રશ્નો, સ્રોતો અને ખ્યાલો(concepts)ને આધારે ગુજરાતના ઇતિહાસને આગળ ધપાવવાનો જે ઉપક્રમ રચેલ છે તે અભિનંદનને યોગ્ય છે.

▯



પરબ ▯ ડિસેમ્બર, 2009



# પરિષદવૃત્ત

**સં. અનિલા દલાલ**

(૧) સેન્ટર ફૉર એન્વાયરન્મેન્ટ એજ્યુકેશન દ્વારા ત્રણ-દિવસીય ફોટોપર્વના નિમિત્તે પરિષદના સહયોગમાં તા. ૩૦-૧૦-૨૦૦૯ના રોજ સાંજે ગોવર્ધન સ્મૃતિમંદિરમાં 'કવિતામાં ધબકતું અમદાવાદ' એ શીર્ષકથી એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો. અમદાવાદના કવિઓ હરદ્વાર ગોસ્વામી, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, દિલીપ શ્રીમાળી, ચંદ્રેશ મકવાણા, છાયા ત્રિવેદી, વ્રજ ત્રિવેદી, રાજેન્દ્ર પટેલ, રાજેશ વ્યાસ 'મિસ્કીન' – આ કવિઓએ અમદાવાદ વિશેની તેમની રચનાઓનું પઠન કર્યું હતું.

(૨) તા. ૩-૧૧-૨૦૦૯ મંગળવારે, 'સર્જકો સાથે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત નવોદિતોએ પોતાની એક/બે કૃતિઓનું પઠન કર્યું હતું. સૌનો ઉત્સાહ જોવા મળતો હતો.

(૩) રવીન્દ્ર ભવનના ઉપક્રમે તા. ૪-૧૧-૦૯ના રોજ શ્રી અનિલા દલાલે 'રવીન્દ્રનાથની કેટલીક વિશિષ્ટ વાર્તાઓ' વિષય પર વક્તવ્ય રજૂ કર્યું. રવીન્દ્રનાથની કિશોરો, કિશોરીઓ પરની વાર્તાઓમાંથી 'પોસ્ટ માસ્તર', 'વાદળ અને તડકો', 'રજા પડી', 'અતિથિ' વાર્તાઓનું વિશ્લેષણ કર્યું. વાર્તાઓની કાવ્યધર્મિતા તેમજ તેની વિશિષ્ટ શૈલી, કથનશૈલીમાં કથકનાં દૃષ્ટિકોણ વગેરેની વાત કરી, 'ઘાટની વાત' વાર્તાના વિશેષને ખોલી આપ્યો. આધિભૌતિક તત્ત્વને આલેખતી 'હાડપિંજર' વાર્તાનો આસ્વાદ કરાવ્યો. મનોવૈજ્ઞાનિક અને અધિભૌતિક તત્ત્વોનું મિશ્રણ આવી વાર્તાઓને સ્પર્શક્ષમ બનાવે છે તેનો નિર્દેશ કર્યો. વાર્તાઓમાંથી કેટલાક ખંડોનું પઠન પણ કર્યું.

(૪) કવિ આદિલ મન્સૂરીની પ્રથમ પુણ્યતિથિ ૬-૧૧-૦૯ના રોજ એક 'સ્મરણ સભા'નું આયોજન પરિષદ અને અસાઇત સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું. કવિ પરની દસ્તાવેજી ફિલ્મ તેમજ નિમિષ દેસાઈ – અર્ચન ત્રિવેદીએ નાટ્યપઠન, ઉર્દૂ-ગુજરાતી કવિતાઓનું પઠન વગેરે રજૂ કરવામાં આવ્યાં. શ્રી લાભશંકર ઠાકરની ઉપસ્થિતિમાં આ 'સ્મરણ સભા' યોજાઈ હતી.

(૫) તા. ૫-૧૧-૦૯ના રોજ 'પાક્ષિકી'ના ઉપક્રમે વાર્તાકાર શ્રી દીવાન ઠાકોરે તેમની વાર્તાનું પઠન કર્યું. પછી ચર્ચા થઈ, સૌએ પોતાના પ્રતિભાવ આપ્યા.

(૬) તા. ૧૦-૧૧-૦૯ના રોજ વાર્તાકાર ઈવા ડેવ, કવિ-કલાકાર પ્રદ્યુમ્ન તન્ના, અનુવાદક શ્રીકાન્ત ત્રિવેદી, કલાકાર જગદીશ સ્માર્ત, વિદ્વાન પ્રાધ્યાપક તપસ્વી નાન્દી અને તત્ત્વચિંતક શ્રી રસેન્દુ પંડ્યા – આ સાહિત્યકારો- કલાકારોનાં અવસાન નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પવા એક સભા યોજાઈ, જેમાં શ્રી પ્રફુલ્લ રાવલ, શ્રી વિજય પંડ્યા, શ્રી યશવન્ત મહેતા, શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા, શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી પ્રશાંત દવેએ દિવંગતોનાં કાર્યનું સ્મરણ કરી-કરાવી શ્રદ્ધાંજલિ અર્પી.

(૭) તા. ૧૭-૧૧-૨૦૦૯ – મંગળવારે 'સર્જકો સાથે સંવાદ' કાર્યક્રમમાં શ્રી રતિલાલ બોરીસાગરની ઉપસ્થિતિમાં શુદ્ધ લેખન વિશે આસ્વાદમૂલક ચર્ચા.



(૮) તા. ૧૯-૧૧-૦૯ના રોજ 'પાક્ષિકી'માં પ્રો. ડી. જે. બાવલેચાનું વાર્તાપઠન-ચર્ચા.

(૯) 'રાષ્ટ્રીય ગ્રંથ-સપ્તાહ'ની ઉજવણી નિમિત્તે તા. ૧૪-૧૧-૦૯થી તા. ૨૦-૧૧-૦૯ ચી. મ. ગ્રંથાલયના ઉપક્રમે ગ્રંથાલય-સપ્તાહનું આયોજન થયું. તેમાં ચરિત્રાત્મક વિગતો સાથે સાહિત્યકારોના ફોટાઓનું એક પ્રદર્શન કિશોરો – વિદ્યાર્થીઓને અનુલક્ષીને યોજવામાં આવ્યું, જે કાર્યની જવાબદારી – સેવાઓ શ્રી કલ્પના પરીખે ઉપાડી હતી અને તેનું ઉદ્‌ઘાટન શ્રી રૂપલ મહેતાએ કર્યું હતું. અન્ય કાર્યક્રમોમાં ચિત્રસ્પર્ધા, બાળજોડકણાં સ્પર્ધા, 'જંગલ-બુક' ફિલ્મ, બાળકો – વાચકોની પોતાના પ્રિય પુસ્તક વિશેની ચર્ચા, ભાષા-શુદ્ધિ વિશે વક્તવ્ય, વાર્તાકથન સ્પર્ધા, બાળરમતો વગેરે વૈવિધ્યપૂર્ણ હતાં. તેમાં સેવાઓ આપનાર હતાં – શ્રી કલ્પનાબહેન, શ્રી રૂપાબહેન, શ્રી રમેશભાઈ પટેલ, શ્રી પિંકી પંડ્યા, શ્રી યશવંત મહેતા. સમગ્ર કાર્યનું આયોજન – સંયોજન – ચી. મ. ગ્રંથાલયના શ્રી દીપ્તિ શાહ અને શ્રી ગંગારામ વાઘેલાએ કર્યું હતું.

(૧૦) વિશ્વ સાંસ્કૃતિક વારસા સપ્તાહ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ અને મ્યુનિસિપલ કૉર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે કાવ્યયાત્રા-૧ અને કાવ્યયાત્રા-૨ એમ બે કાર્યક્રમો યોજાયા. પહેલી કાવ્યયાત્રા (તા. ૨૨-૧૧-૦૯) દરમ્યાન ગુજરાતીનાં મૂર્ધન્ય કવિઓ વલી ગુજરાતી, પિનાકિન ઠાકોર, સુંદરમ્‌, સ્નેહરશ્મિ, ઉમાશંકર જોશી અને કવિ નાનાલાલનાં નિવાસોની મુલાકાત લીધી અને આ કવિઓની કાવ્યપંક્તિઓ – કાવ્યોનું પઠન તેમજ સંસ્મરણો રજૂ થયાં હતાં. તા. ૨૫-૧૧-૦૯ની કાવ્યયાત્રા-૨માં (શહેર વિભાગ) દલપતરામ, પ્રિયકાન્ત મણિયાર, મનહર મોદી, નરસિંહરાવ દિવેટિયા, અખો, કુમાર કાર્યાલય કવિઓનાં નિવાસ-સ્થળ અને કાર્ય-સ્થળની મુલાકાત લીધી, અને કાવ્યોનું પઠન કર્યું. પહેલી કાવ્યયાત્રા એમ. જે. લાયબ્રેરીમાં ગ્રંથપાલશ્રીની ઉપસ્થિતિમાં પૂર્ણ થઈ. પરિષદપ્રમુખ નારાયણ દેસાઈ પણ હાજર હતા. બીજી કાવ્યયાત્રાનું કુમાર કાર્યાલય આગળ સમાપન થયું. આ બધાં સ્થળોએ કવિઓના પરિવારજનોએ ભાવભર્યું સ્વાગત કરી અલ્પાહારનું પણ આયોજન કર્યું હતું. દિવંગત કવિઓની સ્મૃતિઓથી સૌ ભાવવિભોર થયાં હતાં.

❑

## ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યનું પ્રદાન – એક પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદની શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪-૧૧-૨૦૦૯ અને તા. ૧૫-૧૧-૨૦૦૯ના બે દિવસીય પરિસંવાદ 'ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યનું પ્રદાન'નું આયોજન થયું. ગુજરાતી સાહિત્યની ધારા હેમચંદ્રાચાર્યના સમયથી ગણીએ તો જૈન પરંપરા સચવાઈ હોય, પણ ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ જોઈએ તો આરંભમાં કે મધ્યકાળમાં જૈન સાહિત્યનું અવદાન ગુણવત્તાની અને માત્રાની દૃષ્ટિએ વિપુલ છે. કોઈ પણ ધર્મકેન્દ્રી સાહિત્યમાં જે તે ધર્મની વિચારણા કે દર્શન કેન્દ્રમાં હોય, પણ જૈન કવિઓ લખતા હોય છે ત્યારે ભારતીય પરંપરા અને લોકપરંપરાનો આશ્રય લઈ જૈન કથાઓ રચે છે. એમનાં ઉત્તમ કાવ્યના માપદંડ સંસ્કૃત, પ્રાકૃત કાવ્યશાસ્ત્રની પરંપરા પર આધારિત હોય છે. આમ કથાકથિત જૈન સાહિત્ય છેવટે તો સર્જનાત્મક સાહિત્યની શ્રેણીમાં આવે, દરેક રસિક ભાવક એનો આસ્વાદ લઈ શકે છે. આપણે આજે જેને Secular અભિધાનથી વિભાજિત કરીએ છીએ તેવી રચનાઓની

ઉપલબ્ધિથી આ રચનાઓની ગુણસમૃદ્ધિ ઓછી નથી હોતી. અલબત્ત, એનો આશય વાચકને, પ્રબુદ્ધ શ્રાવકવર્ગને ધર્માભિમુખ કરવાનો હોય છે, કૃતિનું લક્ષ્ય વૈરાગ્ય અને પછી મોક્ષને પ્રેરનારું હોય છે. પણ કથા લૌકિક હોય છે અને કાવ્યશાસ્ત્રના બધા જ આયામોને પ્રકટ કરતું હોય છે. મહત્ત્વની બાબત એ છે કે આ કૃતિઓમાં માનવજીવનનાં તમામ ભાવો-વિભાવો-સંવેદનોનું આલેખન સર્વસ્પર્શી હોય છે અને આ માનવીય તત્ત્વ હૃદયંગમ બને છે. જૈન સર્જકોનું પ્રદાન આમ વિપુલ અને સર્જનાત્મક હોઈ તેનો વિશેષ અભ્યાસ થવો ઘટે – સાહિત્યિક દૃષ્ટિએ. પણ સાહિત્યની મુખ્ય ધારામાં આ સાહિત્ય બહુ ચર્ચાયું નથી. ક્યારેક એમાંનું ઘણું સાહિત્ય stereotype – બીબાંઢાળ લાગે, તેમ છતાં એનો અભ્યાસ થવો જોઈએ, યોગ્ય મૂલ્યાંકન થવું જોઈએ, ઉપેક્ષિત રહેવું ન જોઈએ.

શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠના ઉપક્રમે આવો કોઈક હેતુ લક્ષ્યમાં રાખી પરિસંવાદ યોજાય એવી ઇચ્છા શ્રી કુમારપાળ દેસાઈ અને શ્રી ધનવંત શાહે પ્રકટ કરી. પછી બન્ને સાથે પ્રસારમંત્રી શ્રી અનિલા દલાલે બેસીને ચર્ચાઓ કરી આ આયોજન કર્યું. કોઈ સાંપ્રદાયિક સાહિત્યની સીમિત દૃષ્ટિ ન રાખતાં, વ્યાપક દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યમાં જેનું બહુપરિણામી પ્રદાન છે એવા જૈન સાહિત્યને રેખાંકિત કરવાનો પ્રયાસ આ આયોજનમાં કરવામાં આવ્યો.

ઉદ્‌ઘાટન-બેઠકમાં અતિથિવિશેષ શ્રી ધનવંત શાહે જૈન કૃતિઓ અને તેના કર્તાઓ વિશે ઉદાહરણ સહિત ચર્ચા કરી, તો સભાના અધ્યક્ષ શ્રી કુમારપાળ દેસાઈએ સૈદ્ધાંતિક ભૂમિકા પરથી આ સાહિત્યના મૂલ્યનું વિશ્લેષણ કર્યું. 'કવિતા અને ધર્મ'ની પહેલી બેઠકમાં ત્રણ રચનાઓનું વિદ્વાનોએ આસ્વાદમૂલક પૃથક્કરણ મૂકી આપ્યું : સ્થૂલિભદ્ર-કોશાના કથાનક પર આધારિત સહજસુંદરના 'ગુણરત્નાકર છંદ' વિશે શ્રી કાન્તિભાઈ શાહે સદૃષ્ટાંત ચર્ચા કરી. શૃંગારના ભાવને પ્રકટ કરતાં આ કાવ્ય પછી વીરરસને કેન્દ્રમાં રાખતી શાલિભદ્રસૂરિની કૃતિ 'ભરતેશ્વર-બાહુબલિરાસ'નાં મર્મસ્થાનો શ્રી અભય દોશીએ ખોલી આપ્યાં – ઉદાહરણો આપીને. શ્રી નિરંજના વોરાએ ઋષભદાસના 'કુમારપાળ રાસ'ની વાત કરતાં કરતાં ઋષભદાસનાં અન્ય સર્જનોને પણ પોતાનાં વક્તવ્યમાં આવરી લીધાં. 'ગુજરાતના સાંસ્કૃતિક જીવનમાં જૈન વિદ્વાનોનું પ્રદાન' એ વિશેની બીજી બેઠકમાં જૈન સાહિત્યના અભ્યાસી-સંપાદક-સંશોધક-વિશ્લેષક એવા બે વિદ્વાનોનું પ્રદાન નિરૂપવામાં આવ્યું : શ્રી રમણીકભાઈ શાહે 'મુનિ પુણ્યવિજયજી' વિશે અને શ્રી વિજય પંડ્યાએ 'પંડિત સુખલાલજી' વિશે. ગુજરાતનાં સાંસ્કૃતિ જીવનમાં ફાળો આપનાર શ્રાવકો-શ્રેષ્ઠીઓમાંથી 'શ્રાવક ભીમસિંહ માણેક' વિશે શ્રી ગુલાબ દેઢિયાએ અને 'શાંતિદાસ ઝવેરી' વિશે શ્રી માલતીબહેન શાહે બન્નેની મૂલ્યનિષ્ઠા અને વ્યવહારદક્ષતાની વિગતપ્રચુર વાતો કરી.

તા. ૧૫/૧૧ ત્રીજી બેઠક એ રીતે વિશિષ્ટ રહી કે જૈન અને જૈનેતર સાહિત્યમાં એક જ કથાને કેવી રીતે નિરૂપિત કરવામાં આવે છે એનો કંઈક તુલનાત્મક દૃષ્ટિકોણ રજૂ થયો. શ્રી બળવંત જાનીએ આરંભમાં તુલનાત્મક અભ્યાસ વિશે થોડી ચર્ચા કરી, થયેલી કેટલીક તુલનાત્મક કૃતિઓ વિશે જણાવ્યું. પછી તેમણે ભાલણના નળાખ્યાનની આગવી રીતિઓ દર્શાવતાં પ્રેમાનંદથી એ ક્યાં અને કેવી રીતે કથાને વ્યક્ત કરે છે તે દર્શાવ્યું, તો શ્રી આરતી ત્રિવેદીએ પ્રેમાનંદના નળાખ્યાનની ભિન્ન ભિન્ન વિશિષ્ટતાઓ દર્શાવી, નાકરની રચના સાથે તુલના કરી બતાવી. શ્રી સલોની જોષીએ આ જૈનેતર રચનાઓ પછી સમયસુંદરની જૈન રચના નલદવદંતી રાસમાં આવતી મૂળકથાથી જુદી જુદી ઘટનાઓની વાત કરતાં તેમાં જૈન સિદ્ધાંતોને કેવી રીતે વણી લીધા છે તેનું ઉદાહરણો સહિત નિરૂપણ કરી બતાવ્યું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે નવલકથા પર રચાયેલી આ ધર્મકથા છે અને તેથી વૈરાગ્યની વાત એમાં આવે એ સ્વાભાવિક વાતનો સ્વીકાર કરવો ઘટે. ચોથી અંતિમ બેઠકમાં જૈન સાહિત્યનું થયેલું – થઈ રહેલું અધ્યયન-સંશોધન-સંપાદન કેટલું મહત્ત્વપૂર્ણ છે તે વિદ્વાનોએ દર્શાવ્યું, અને એના આધારે આગળના સંશોધન માટેની કેવી રીતે ભૂમિકા રચાય છે તેની પણ સ્થાપના કરી આપી. શ્રી ભોળાભાઈ પટેલે શ્રી હરિવલ્લભ ભાયાણીએ પાદલિપ્તાચાર્યની રચના 'તરંગલોલા'નું સંપાદન અને અનુવાદ કરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે તે બતાવ્યું. શ્રી રમણ સોનીએ સૂચિવિદ્યા આલેખતી કૃતિ 'જૈન ગુર્જર કવિઓ' – શ્રી મો. દ. દેસાઈ અને તેનું શ્રી જયંત કોઠારીએ વધુ વિગતો એકઠી કરી વ્યવસ્થિત કરેલું સંપાદન આ ક્ષેત્રમાં કામ કરનારને ખૂબ માર્ગદર્શક અને ઉપકારક બની રહેશે તે જણાવ્યું. શ્રી સુધાબહેન પંડ્યાએ શ્રી ભો. જે. સાંડેસરાએ સંપાદિત કરેલી કૃતિઓની, તેમજ બે જૈન કૃતિઓનાં સંપાદનની વાત વિશદતાથી કરી. તેમણે શ્રી સાંડેસરાના 'વસુદેવહિંડી'ના અનુવાદનો પણ સુપેરે ઉલ્લેખ કર્યો.

આ પરિસંવાદ આ દિશામાં વધુ કામ કરવા ઇચ્છનારને તેમજ ગુજરાતી સાહિત્યના અભ્યાસીને પણ પ્રોત્સાહક રહ્યો. જેમની સેવાઓ આમાં મળી તે સૌના આભારથી સમાપન થયું.

□

## ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદના પિસ્તાલીસમા અધિવેશનનું આયોજન 'બાનો ભીખ્ખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ'ના યજમાનપદે, નવસારી મુકામે, તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર, ૨૦૦૯ના ત્રણ દિવસ કરવામાં આવ્યું છે. અધિવેશનના પ્રમુખ તરીકે વિખ્યાત કવિ-નવલકથાકાર-પત્રકાર શ્રી ભગવતીકુમાર શર્મા હશે. અધિવેશનનું ઉદ્‌ઘાટન ખ્યાતિપ્રાપ્ત બંગાળી લેખિકા, સામાજિક પ્રદાન માટે મેગેસેસ એવૉર્ડથી પુરસ્કૃત શ્રી મહાશ્વેતાદેવી કરશે.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાતના સાહિત્યકારોને કેન્દ્રમાં રાખીને તૈયાર કરેલી સ્મરણિકા તથા અમલસાડના કલાગુરુ જસુભાઈ નાયકે તૈયાર કરેલ સાહિત્યકારોનાં તૈલચિત્રોનું પ્રદર્શન ખુલ્લાં મુકાશે. પ્રથમ દિવસે સારસ્વતયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અધિવેશનનો આખરી થયેલ કાર્યક્રમ નીચે મુજબ છે :

તૈલચિત્રોના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન : શ્રી ભગવતીકુમાર શર્મા

તા. ૨૫-૧૨-૦૯, શુક્રવાર, સવારે ૧૦.૦૦ સ્થળ : ટાટા મેમોરિયલ હૉલ, દૂધિયા તળાવ, નવસારી

સારસ્વતયાત્રા : તા. ૨૫-૧૨-૦૯ શુક્રવાર, બપોરે ૨.૦૦થી ૨.૩૫

ગાંધીપ્રતિમાથી નીકળી ફરીને અધિવેશન-સ્થળે પહોંચશે.

બેઠક – પહેલી :

**ઉદ્‌ઘાટન સમારંભ** તા. ૨૫-૧૨-૦૯ શુક્રવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦

અધિવેશનસ્થળ : એસ. બી. ગાર્ડા કૉલેજ હૉસ્ટેલ કમ્પાઉન્ડ, ફુવારા પાસે, દાબુ હૉસ્પિટલ સામે, નવસારી

| | | | |
|---|---|---|---|
| ૧. | ગીત : જય જય ગરવી ગુજરાત | : | સંગીત ટુકડી |
| ૨. | ગીત : ભગવતીકુમાર શર્માની રચના | : | ,, ,, |
| ૩. | સ્વાગતપ્રમુખનું વક્તવ્ય | : | શ્રી મહેશભાઈ કોઠારી |
| ૪. | મહેમાનોનું સ્વાગત | : | |
| ૫. | પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ | : | શ્રી મનસુખ સલ્લા |
| ૬. | સ્મરણિકાનું વિમોચન | : | શ્રી નારાયણ દેસાઈ |
| ૭. | કાર્યભારની સોંપણી | : | શ્રી નારાયણભાઈ દેસાઈ દ્વારા શ્રી ભગવતીકુમાર શર્માને |
| ૮. | નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય | : | શ્રી નારાયણભાઈ દેસાઈ |
| ૯. | ઉદ્‌ઘાટન (દીપપ્રાગટ્ય) | : | શ્રી મહાશ્વેતાદેવી |
| ૧૦. | ઉદ્‌ઘાટકશ્રીનું વક્તવ્ય | : | શ્રી મહાશ્વેતાદેવી |
| ૧૧. | વરાયેલા પ્રમુખશ્રીનો પરિચય | : | શ્રી રઘુવીર ચૌધરી |
| ૧૨. | વરાયેલા પ્રમુખશ્રીનું વક્તવ્ય | : | શ્રી ભગવતીકુમાર શર્મા |
| ૧૩. | આભારવિધિ (યજમાનસંસ્થા) | : | શ્રી પ્રેમચંદભાઈ લાલવાણી |
| ૧૪. | આભારવિધિ (સાહિત્યપરિષદ) | : | શ્રી હરિકૃષ્ણ પાઠક |

**બેઠક – બીજી : આસ્વાદ** તા. ૧૫-૧૨-૦૯ શુક્રવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦
કાવ્યપ્રત્યક્ષ : કવિતાનું પઠન, ગાન, આસ્વાદ અધ્યક્ષ : નીતિન વડગામા

**બેઠક – ત્રીજી :** તા. ૨૬-૧૨-૦૯ શનિવાર, સવારે ૯.૦૦થી ૧૨.૩૦
**સર્જનવિભાગ :** ગુજરાતીમાં નિબંધ : સ્વરૂપ અને વિકાસ
અધ્યક્ષ : રતિલાલ બોરીસાગર સંચાલન : અનિલા દલાલ

૧. હાસ્યનિબંધ : રતિલાલ બોરીસાગર
૨. વિચારપ્રધાન નિબંધ : કાંતિ શાહ
૩. લલિતનિબંધ : ભગીરથ બ્રહ્મભટ્ટ
૪. પ્રવાસનિબંધ : ભારતીબહેન રાણે

**બેઠક – ચોથી :** તા. ૨૬-૧૨-૦૯ શનિવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦

**વિવેચન-સંશોધન વિભાગ** અધ્યક્ષા : શરીફા વીજળીવાળા સંચાલન : ભારતી ર. દવે વક્તાઓ : મીનળ દવે, નરેશ શુક્લ, પિનાકિનીબહેન પંડ્યા

**સાંસ્કૃતિક કાર્યક્રમ :** રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ : યજમાનસંસ્થા આયોજિત ધારૈયા નૃત્ય, ડાંગી નૃત્ય, નવસારી-વલસાડના સંગીતકારોનો કાર્યક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિ (વર્તમાન અને આગામી)ની બેઠક : સવારે ૮.૦૦થી ૯.૦૦

**બેઠક – પાંચમી** તા. ૨૭-૧૨-૦૯ રવિવાર, સવારે ૯.૧૫થી ૧૧.૩૦
**પરિસંવાદ** ભાષા-સાહિત્ય ક્ષેત્રે પારસીઓનું પ્રદાન
અધ્યક્ષ : સંચાલન : રવીન્દ્ર પારેખ

(૧) નાટ્યક્ષેત્રે પ્રદાન : યઝદી કરંજિયા (૨) નવલકથા ક્ષેત્રે પ્રદાન : દર્શના ધોળકિયા (૩) કવિતા ક્ષેત્રે પ્રદાન : ડૉ. જાલ તુરેલ

**બેઠક – છઠ્ઠી :** સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન-બેઠક બપોરે ૧૧.૩૦થી ૧.૦૦ ઠરાવો, પ્રતિભાવો અને આભારવિધિ

બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે. તમામ કાર્યક્રમો સમયસર શરૂ થાય અને પૂર્ણ થાય તેવો આગ્રહ છે. સૌનો તેમાં સહયોગ મળશે તેવી આશા છે.

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજનઉતારા શુલ્ક રૂ. ૨૦૦/- તથા પ્રતિનિધિશુલ્ક રૂ. ૧૦૦/- ભરવાનું રહેશે. વિદ્યાર્થીઓએ ૫૦ ટકા રકમ ભરવાની રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૫-૧૨-૦૯ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે.

**વહીવટી મંત્રી**

□

બાનો ભીખ્ખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ – નવસારીના યજમાનપદે ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૫મા અધિવેશનમાં ઉપસ્થિત રહેનાર ડેલિગેટ તથા આમંત્રિત સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે યજમાન સંસ્થા દ્વારા રહેવાની સગવડ કરવામાં આવી છે. તેમાં સુગમતા રહે તે હેતુથી નીચેના એક સરનામે પોતાના આગમન અંગેની પત્રથી જાણ કરવી.

(૧) શ્રી ઘનશ્યામભાઈ પટેલ (અધ્યક્ષ) (ઉતારા – વાહનવ્યવહાર) પિતૃ આશિષ, શિવસાગર એપાર્ટમેન્ટની બાજુમાં, આશાનગર, નવસારી. ફોન ૦૨૬૩૭-૨૫૦૨૫૯, મો. ૯૪૨૮૦-૬૫૨૪૦

(૨) જયપ્રકાશ યુ. મહેતા – ૨૦૨, મીત કોમ્પલેક્ષ, તપોધન મહોલ્લો, નીલકંઠ મહાદેવ મંદિરની સામે, નવસારી. ફોન : ૯૪૨૭૯૪૮૭૬૯, ૦૨૬૩૭-૨૫૯૫૪૩

(૩) અસિત ઠાકોર – ૪૭-એ, શીતલનગર સોસાયટી, મંકોડિયા, અમૃતનગરની પાછળ, નવસારી. ફોન : ૦૨૬૩૭-૨૫૭૩૨૯, મો. ૯૮૨૪૧૩૬૧૩૩

(૪) સતીશ પંડ્યા – મંત્રી, બાનો ભીખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ, મહાત્મા ગાંધી માર્ગ, પંજાબ નૅશનલ બૅંક સામે, નવસારી. ફોન : (R) ૦૨૬૩૭-૨૫૭૨૩૪ (O) ૦૨૬૩૭-૨૫૬૮૯૯ (મો.) ૯૩૨૮૨૧૮૫૧૪

□

## સન્માન્ય સભ્યો

ગુજરાતી સાહિત્ય પરિષદના સન્માન્ય સભ્યોની બે જગ્યાઓ ખાલી પડી હતી તે ભરવા માટે ‘પરબ’માં આપેલી જાહેરાત મુજબ મધ્યસ્થ સમિતિના સાત સભ્યોએ કુલ આઠ

નામની દરખાસ્ત કરી હતી. બંધારણીય જોગવાઈ અનુસાર પરિષદના વર્તમાન પ્રમુખ – શ્રી નારાયણભાઈ દેસાઈ, નવા ચૂંટાયેલા પ્રમુખ – શ્રી ભગવતીકુમાર શર્મા અને પૂર્વપ્રમુખ – શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ દરખાસ્તો પૈકી શ્રી ધીરુ પરીખ અને શ્રી ઉદયન ઠક્કરની સર્વાનુમતે પસંદગી કરી છે. બંનેને આવકાર આપીએ છીએ.

**વહીવટીમંત્રી**

# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

### 'ભાષાનું અસ્તિત્વ' પર વ્યાખ્યાન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૮-૧૧-૦૯ના રોજ ગણેશ દેવીએ 'ભાષાનું અસ્તિત્વ' એ વિષય પર વિસ્તારપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. કુમારપાળ દેસાઈએ ગણેશ દેવીનો પરિચય આપ્યો હતો. પ્રીતિ શાહે સંચાલન કર્યું હતું.

### 'એક પ્યાલી ઝાકળ'નું વિમોચન

તા. ૮ નવેમ્બરના રોજ રાજીવ ભટ્ટ 'દક્ષરાજ'ના પ્રથમ ગઝલસંગ્રહ 'એક પ્યાલી ઝાકળ'નું વિમોચન વરિષ્ઠ કવિ, વાર્તાકાર રમેશ આચાર્યના હસ્તે ભાવનગર ખાતે યોજાયું હતું. હરદ્વાર ગોસ્વામીના સંચાલનમાં રમેશ આચાર્ય, મનોહર ત્રિવેદી, ગુણવંત ઉપાધ્યાય, એષા દાદાવાલા, દર્શક આચાર્ય, જિગર જોશી 'પ્રેમ', રાજીવ ભટ્ટ 'દક્ષરાજ', પરેશ કળસરિયાએ પોતાની રચનાઓનો પાઠ કર્યો હતો.

### સ્મૃતિ વ્યાખ્યાનમાળા

૧૮થી ૨૦ નવેમ્બરના રોજ લા. દ. ભારતીય સંસ્કૃતિ મંદિરમાં પ્રા. વી. એમ. શાહ અને શાંતાબહેન વી. શાહની સ્મૃતિમાં જૈનદર્શન પર ત્રણ દિવસની વ્યાખ્યાનમાળા યોજાઈ હતી.

### વિઠ્ઠલભાઈ પટેલ વ્યાખ્યાનમાળા

પ્રેમાનંદ સાહિત્ય સભાના ઉપક્રમે વિઠ્ઠલભાઈ પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત ૧૪ નવેમ્બરના રોજ ડૉ. પ્રવીણ દરજીએ 'ભારત અને ભારતીયતા' પર વ્યાખ્યાન આપ્યું હતું.



# 'પરબ' ૨૦૦૯ : વાર્ષિક સૂચિ

**ઊર્મિલા ઠાકર**

વર્ષ : ૩ જાન્યુ.–જૂન ૨૦૦૯ અંક : ૭-૧૨

વર્ષ : ૪ જુલાઈ–ડિસેમ્બર ૨૦૦૯ અંક : ૧-૬

### કૃતિસૂચિ

(ગુજરાતી આંકડા અંકનો મહિનો અને અંગ્રેજી આંકડા કૃતિના પૃષ્ઠક્રમાંક સૂચવે છે.)

**● અભ્યાસ**

| | | |
|---|---|---|
| અમેરિકા, આવજે...! પ્રવાસકથા નિમિત્તે સંસ્કૃતિકથા | વિજય શાસ્ત્રી | ૦૩, 37-40 |
| અસલ જીવનછબી ઉપસાવતી | | |
| જીવનકથા : તરસ્યા મલકનો મેઘ | અજયસિંહ ચૌહાણ | ૧૦, 62-65 |
| કબીર : કાવ્યપુરુષ (?) સકલપુરુષ ! | લાભશંકર પુરોહિત | ૦૨, 56-64 |
| નિબંધની સવારી – નાજુક પણ, નમણી પણ | માય ડિયર જયુ | ૦૬, 46-49 |
| 'બારણે ટકોરા' અને 'મંકીઝ પાવ' – તુલનાત્મક દૃષ્ટિએ | વિજય શાસ્ત્રી | ૦૮, 49-56 |
| બે સમર્થ સર્જકોના ગદ્યની એક વિશિષ્ટતા : | | |
| અસરકારક વિસ્તારીવાક્ય | બિપિન આશર | ૦૭, 52-56 |
| 'મરક-મરક'ની હાસ્યસૃષ્ટિ | વિજય શાસ્ત્રી | ૦૧, 50-55 |
| 'મિસ્કીન'ની ગઝલો : ગુજરાતી ગઝલનો નવો પડાવ | મણિલાલ હ. પટેલ | ૦૭, 40-45 |
| યુરોપ-અનુભવ : સૌંદર્યમંડિત કલાયાત્રા | રાજેન્દ્રસિંહ જે. ગોહિલ | ૦૬, 38-46 |
| 'રાગ-પરાગ'ની કવિતા | હિમ્મત ભાલોડિયા | ૦૮, 57-67 |
| લોકકથાનું મૂળતત્ત્વ કથાઘટક | પ્રાંજલિ પટેલ | ૧૨, 46-50 |
| વૃક્ષ (એકાંકી) | ગુણવંત વ્યાસ | ૦૪, 59-62 |
| સાહિત્યસૂચિ અને 'પરબ' સૂચિ | ઊર્મિલા ઠાકર | ૦૭, 46-52 |
| સાહિત્યિક ગદ્યની વિભાવના | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૧૧, 53-54 |
| સિતાંશુનાં કાવ્યોમાં નાદ-ધ્વનિ | દર્શના નરેન્દ્ર ઉપાધ્યાય | ૧૧, 55-60 |

**● અહેવાલ**

| | | |
|---|---|---|
| અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનો અભિવાદન-સમારોહ | સતીશ ડણાક | ૦૯, 78-79 |
| અસ્મિતાપર્વ-૧૨ | અજય પાઠક | ૦૫, 78-79 |
| ગુજરાતી સાહિત્ય પરિષદનું રજતજયંતી જ્ઞાનસત્ર | અજય પાઠક | ૦૧, 58-74 |

| | | |
|---|---|---|
| ચર્ચાપત્રી પરિષદનું બીજું અધિવેશન | ડંકેશ ઓઝા | ૦૯, 79-80 |
| સાહિત્યમાં વિવિધ સમાજોનું નિરૂપણ : પરિસંવાદ | ઇતુભાઈ કુરકુટિયા | ૦૩, 68-71 |
| સૂચિવિદ્યા સંગોષ્ઠિ : એક નવતર પ્રયોગ | ઇતુભાઈ કુરકુટિયા | ૦૫, 76-77 |
| **● આવરણચિત્ર** | | |
| અમૃતલાલ વેગડ | | ૦૬, ૦૯, |
| જગદીપ સ્માર્ત | | ૦૪, ૦૫, ૦૮, ૧૦, ૧૨ |
| પ્રદ્યુમ્ન તન્ના | | ૦૨ |
| બંસી ખત્રી | | ૧૧ |
| મનહર કાપડિયા | | ૧૦ |
| રોઝાલ્બા તન્ના | | ૦૩ |
| શૈલજા રાજેન્દ્ર પટેલ | | ૦૭ |
| **● આસ્વાદ** | | |
| **કવિતા** | | |
| આસ્વાદ ('ભેદ' : યોસેફ મૅકવાન) | રાજેન્દ્ર ઉપાધ્યાય | ૦૪, 26-29 |
| 'ગઝલગીતિ સુકોમલા' વિશે ('ગઝલગીતિ સુકોમલા' રાજેન્દ્ર શુક્લ | અનિરુદ્ધસિંહ ગોહિલ | ૦૭, 31-35 |
| **વાર્તા** | | |
| 'ગુલામદીન ગાડીવાળો' આયેશાનો અને આપણો (ગુલામદીન ગાડીવાળો : ગુલાબદાસ બ્રોકર) | ચંદ્રકાન્ત શેઠ | ૦૬, 30-33 |
| **● એકાંકી** | | |
| કાબુલીવાલા રિટર્નસ્ | પ્રવીણ પંડ્યા | ૧૨, 18-42 |
| રામલીલા | પ્રવીણ પંડ્યા | ૦૧, 34-46 |
| **● કવિતા** | | |
| અનહદ અપાર સાથે | દિલીપ જોશી | ૦૬, 9 |
| અમદાવાદે ઠાર્યો | ચન્દ્રકાન્ત ટોપીવાળા | ૦૮, 14 |
| અમે મોં ફેરવી લીધું | નીતિન વડગામા | ૧૨, 8 |
| અવતરણ | દિલીપ જોશી | ૦૯, 21 |
| અવાજ | નલિન રાવળ | ૦૪, 12 |
| અહીં થોભવું પડે | ઉર્વીશ વસાવડા | ૧૦, 11 |
| અંગાર ખડકો | ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ' | ૧૨, 9 |
| અંધાર પીધો | રાજેન્દ્ર પાઠક | ૦૭, 17 |
| આકાશ | રવીન્દ્ર પારેખ | ૦૪, 13 |
| આજ આદિલ.... | નીતિન વડગામા | ૦૧, 17 |
| ઉત્તર મૂક્યો | કિરણકુમાર ચૌહાણ | ૦૩, 16 |
| એ કોણ ? | કિસન સોસા | ૧૧, 13 |
| એ શક્ય છે... | જિતેન્દ્ર કા. વ્યાસ | ૦૭, 16 |
| એક મૂંગી વેલ વિશે | ઉશનસ્ | ૦૯, 16 |
